| सौराष्ट्र युनिवर्सिटी<br>सौराष्ट्र युनिवर्सिटी कार्यालय<br>युनिवर्सिटी रोड<br>राजकोट - ३६०००५ | SAURASHTRA UNIVERSITY<br>Re-Accredited Grade "A" (CGPA 3.05) by NAAC | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી<br>સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય<br>યુનિવર્સીટી રોડ,<br>રાજકોટ - ૩૬૦ ૦૦૫ |
|---|---|---|
| PHONE :- 0281 - 2578501 - | EXT. NO. *111 | FAX :- 0281 - 2586411 |
| website :- www.saurashtrauniversity.edu | | e-mail id :- dep.of.phy.edu@gmail.com |


વિષય : સ્વચ્છતા અભિયાન બાબત.

સંદર્ભ : ક.ઉ.શિ./સ્વ.અ./૧૦૦૯/તા.૧૦/૦૯/૨૦૧૫

પરિપત્ર:-

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજોના આચાર્યશ્રીઓ તથા માન્ય સંસ્થાઓના વડાઓ, યુનિવર્સિટીના સર્વે ભવનોના અધ્યક્ષશ્રીઓ તેમજ જુદા-જુદા વિભાગના વડાઓને જણાવવામાં આવે છે. ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી ની કચેરી, બ્લોક ૧૨/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન ગુજરાત રાજ્ય ગાંધીનગર ના પત્ર અન્વયે જણાવવાનું કે રાજ્ય સરકારે તા.૧૫/૧૬/સપ્ટેમ્બર ૨૦૧૫ દરમ્યાન સ્વચ્છતા અભિયાન હાથ ધરવાનું તેમજ તા.૧૭/૦૯/૨૦૧૫ ના રોજ સ્વચ્છતા દિવસ ઉજવવાનું નક્કી કરેલ છે.

તા.૧૫/૧૬/સપ્ટેમ્બર ૨૦૧૫ દરમ્યાન નીચે મુજબની પ્રવૃતીઓ હાથ ધરવાની રહેશે.

(૧) N.S.S./N.C.C./કોલેજો તેમજ ભવનોના તમામ વિધાર્થીઓના સહયોગથી કોલેજનું મકાન તેમજ કોલેજ/ભવન, કેમ્પસ ની સ્વચ્છતા જળવાય તેનું મહત્વ સમજાવવું.

(૨) ઘરો/મકાન માં સ્વચ્છતા જળવાય તે માટે લોકોમાં જાગૃતી લાવવી.

(3) વિવિધ માધ્યમો દવારા સ્વચ્છતાનો સંદેશો ફેલાવવો.

(૪) કોલેજ/ભવન કક્ષાએ સ્વચ્છતા અંગે નાટક, ચિત્ર, નિબંધ સ્પર્ધાનું આયોજન કરવું.

(૫) કોલેજ/ભવન માં શૌચાલય સ્વચ્છતા પાણીના અન્ડર ગ્રાઉન્ડની સ્વચ્છતા રાખવી.

(૬) કોલેજ/ભવન બિલ્ડીંગ અને કોલેજ/ભવન કેમ્પસ ની સ્વચ્છતા કરવાની રહેશે.

(૭) કોલેજ/ભવન ના વિધાર્થીઓને વેસ્ટ કચરો ગમે ત્યાં ન નાખે તે માટે પ્રતિજ્ઞા લેવડાવવી.

(૮) કોલેજ/ભવન માં બીન જરૂરી તુટી ગયેલ કાટમાળ/કચરો હોય તો તેના નિકાલ અંગેની જરૂરી પ્રક્રિયા હાથ ધરી નિકાલ કરવો.

ઉપરોક્ત વિગત અંગેનો અહેવાલ KCG ઓફીસ અમદાવાદ ને Report2kcg@gmail.com પર મોકલી આપવાનો રહેશે.

આભાર સહ............

નં.શા.શિ/સ્વ.અ./૨૧૪/૨૦૧૫
શારીરિક શિક્ષણ વિભાગ
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ,
યુનિવર્સિટી રોડ,
રાજકોટ-૩૬૦૦૦૫
તા.૧૨/૦૯/૨૦૧૫

કુલસચિવ
(प्रभारी)

પ્રતિ,

(૧) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજનાં આચાર્યશ્રીઓ, તથા માન્ય સંસ્થાના વડાઓ.

(૨) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંચાલિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ.

નકલ સાદર રવાના :-

(૧) માન.કુલપતિશ્રીના અંગત સચિવશ્રી.

(૨) કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

(3) ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી ી કચેરી, બ્લોક નં. ૧૨/૨,
ડૉ. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર